મહેસાણા જિલ્લાના કડા ગામે ચલો ગાંવ કી ઓર કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામે ચલો ગાંવ કી ઓર કાર્યક્રમ યોજાયો

હતો. રાજ્યમાં વિવિધ કોલેજના એમ.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા સતત ચાર દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. સમાજકાર્ય ભવન, ગણપત વિશ્વ વિદ્યાલય, લવ ઈન્ડિયા ફેલોશીપ, ગ્રામશ્રી ટ્રસ્ટ અને ગ્રામ પંચાયત કડાના સહયોગથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કડા ખાતે યોજાયેલ ચાર દિવસીય કાર્યક્રમમાં રાજ્યની ૯ શૈક્ષણિક સંસ્થાના ૧૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સતત ચાર દિવસો દરમિયાન યુથ વિકાસ, સી.એસ.આર. પ્રવૃતિ, સ્વચ્છતા અભિયાન, વ્યસન મુક્તિ અભિયાન, નાણાંકીય સાક્ષરતા, ગ્રામીણ ઉત્થાન સહિતના વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા વ્યક્તવ્ય રજુ કરાયું હતું. ચલો ગાંવકી ઓરના સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે ગામડાઓનો વિકાસ જરૂરી છે. રાજ્ય સરકાર પણ સતત ગામડાઓનો વિકાસ થાય તે દિશામાં કટિબધ્ધ બની છે. ગામડાઓમાં શહેર જેવી સુવિધા મળે તે દિશામાં કામ થઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે ઉમેર્યું હતું કે ગામડાઓમાં શિક્ષણ, આરોગ્યની વિશેષ સુવિધાઓ ઉપલ્બધ થઈ છે. તેમને ગ્રામજનોને સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો અભિયાન, વ્યસન મુક્તિ અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ચાર દિવસ દરમિયાન થયેલ કામગીરીની પ્રશંસા ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. કડા ગામે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ જેવી કે રસોઈ શો ના વિજેતાઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગણપત વિશ્વ વિદ્યાલયના પ્રમુખ ગણપતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં કડા ગામના અગ્રણી મફતભાઈ પટેલ, વિવિધ સંસ્થાના આચાર્યો, શિક્ષકો,વિદ્યાર્થીઓ, ગ્રામજનો, સામાજિક સંસ્થાના અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમ.આર. શાહે યાત્રાધામ શામળાજી મંદિરના દર્શને

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં બિરાજતા ભગવાન શામળિયાના દર્શનાર્થે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એમ.આર. શાહ પરિવારજનો સાથે શામળાજી મંદિરમાં પહોંચી ભગવાન કાળીયા ઠાકોરના શરણોમાં શીશ ઝુકાવી દર્શનનો લાભ લીધો હતો. એમ.આર. શાહની મુલાકાતના પગલે શામળાજી મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો અને જીલ્લા વહીવટીતંત્ર ખડેપગે જોવા મળ્યું હતું. શામળાજી મંદિર પરિસર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સુપ્રીમકોર્ટમાં હાલ નાતાલનું વેકેશનના પગલે ગુજરાત અને રાજસ્થાનના યાત્રાધામ સહીત શ્રીનાથજીના દર્શનાર્થે આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

સાબરકાંઠા જીલ્લા સંચાલક મંડળની સાધારણ સભા યોજાઈ

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા જીલ્લા માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ-નોન-ગ્રાન્ટેડ હાઈસ્કુલોના સંચાલકોની સાધારણ સભા સુરભી હોટલ વક્તાપુર મુકામે તા.૧૮/૧૨/૨૦૧૮ ને મંગળવારના રોજ અખિલ ગુજરાત રાજ્ય સંચાલક મહામંડળના પ્રમુખ નારાયણભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સાધારણ સભામાં ૧૦૦ થી વધુ સંસ્થાઓના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષસ્થાને નારાયણભાઈ પટેલએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારએ છેલ્લા ૧૦ વર્ષથી હાઈસ્કુલોના પડતર પ્રાણ પ્રશ્નો જેવા કે આચાર્ય, ક્લાર્ક, પટાવાળા, લાયબ્રેરીયન, પ્રવાસી શિક્ષકોના પગારો,મુખ્ય વિષયો જેવા કે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન શિક્ષકોની કાયમી ધોરણે ભરતી કરવામાં આવતી નથી રાજ્ય સરકારમાં વારંવાર ન્યાયિક રજુઆતો કરવા છતાં અને શિક્ષણ મંત્રી, નાયબ મુખ્યમંત્રી સાથે બેઠકો કરવા છતાં સંતોષકારક આજ દિન સુધીમાં સુખદ પ્રતિસાદ મળતો નથી જેથી જાન્યુઆરી-૨૦૧૯ આસપાસ થી હજારો સંચાલકો, ટ્રસ્ટીઓએ રાજ્ય સરકાર સામે લડી લેવાની ચિમકી ઉચ્ચારી છે.

સંમેલનમાં ગુજરાત રાજ્ય મહામંડળ મંત્રી સુરેશભાઈ પટેલ, બોર્ડના સભ્ય આર. ડી. પટેલ, જીલ્લા સંચાલક મંડળ અધ્યક્ષ ચતુરસિંહ ચૌહાણ,જીલ્લા આચાર્ય સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, જીલ્લા સંચાલક મંડળ પ્રમુખ રમેશચંદ્ર કે. પટેલ, જીલ્લા મહામંત્રી કચરાભાઈ પ્રજાપતી, શંભુભાઈ પટેલ, લઘુમતી સેલ કન્વીનર મહમંદહુસૈન શેખ, ગુલાબ મહંમદ ડોડિયા, સાબરકાંઠા જીલ્લા સંચાલક મંડળ સંગઠન મંત્રી કેશુભાઈ પી.પટેલ(સામાજીક આગેવાન),બાલુભાઈ દવે, સંચાલકો, ટ્રસ્ટીઓ, અગ્રણીઓ, આગેવાનો ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન પ્રાસંગીક પ્રવચન દરમ્યાન આપ્યું હતું.

પાલનપુરના ઢેલાણામાં વહેમીલા પતિએ પત્નિનુ ગળુ કાપવાનો પ્રયાસ કરતાં ચકચાર

બાથરૂમમાં પુરી ગળે ચાકુ ફેરવ્યું, પત્નીએ પ્રતિકાર કરતાં સાથળે બચકુ ભર્યુ

પાલનપુર

પાલનપુર તાલુકાના ઢેલાણા ગામે વહેમીલા પતિએ તેની પત્નિને બાથરૂમમાં પુરી ગળુ કાપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેણીએ પ્રતિકાર કરતાં હાથના ભાગે ચપ્પુથી ઈજાઓ થવા પામી હતી. દરમિયાન બાથરૂમમાંથી બહાર નીકળવા જતાં આ શખ્સે

તેણીના સાથળે બચકુ ભરી ઈજાઓ પહોચાડી હતી. જેને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે મહિલાના પિયર પક્ષ દ્વારા પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વહેમની કોઈ દવા નથી. જેમાં પણ પતિ- પત્ની વચ્ચે જ્યારે આવી ઘટના બને છે ત્યારે તેમનો સંસાર વેરણ-છેરણ થઈ જતો હોય છે. કંઈક આવો જ કિસ્સો પાલનપુર તાલુકાના ઢેલાણા ગામે બનવા પામ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ વડગામ તાલુકાના ધનપુરા ગામે રહેતા નયનાબેન ભીખાભાઈ ચૌધરીના લગ્ન પાલનપુર તાલુકાના ઢેલાણા ગામે નથ્થુભાઈ રામજીભાઈ પટેલ સાથે થયા હતા. જોકે, નથ્થુભાઈ તેમની પત્ની ઉપર વહેમ રાખતા હતા. દરમિયાન શનિવારે નથ્થુભાઈના મનમાં શંકાનો કીડો સળવળતા તેમની પત્ની નયનાબેનને ફોસલાવી બાથરૂમમાં લઈ ગયા હતા. જ્યાં બાથરૂમનો દરવાજો અંદરથી બંધ કરી સાથે લાવેલા ચપ્પાથી પત્નિનું ગળુ કાપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, નયનાબેને પ્રતિકાર કરી ચપ્પુ પકડી લીધુ હતુ. આથી તેમના હાથે ઈજાઓ થવા પામી હતી. દરમિયાન તેઓ નથ્થુભાઈને ધક્કો મારી બાથરૂમનો દરવાજો ખોલીને બહાર નીકળી રહ્યા હતા. ત્યારે નથ્થુભાઈએ તેણીનો પગ પકડી સાથળ ઉપર બચકુ ભરી ઈજાઓ પહોચાડી હતી. જોકે, યેનકેન પ્રકારે નયનાબેન પતિના હાથે જીવ બચાવી બાથરૂમમાંથી બહાર નીકળી ગયા હતા. જ્યાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા.

સાળાએ બનેવી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

નયનાબેનનું ગળુ કાપી તેમના પતિ નથ્થુભાઈએ હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગેની જાણ થતાં નયનાબેનના પિયરપક્ષના લોકો દોડી આવ્યા હતા. જ્યાં નયનાબેનના ભાઈ બાબુભાઈ ભીખાભાઈ પટેલે તેમના બનેવી નથ્થુભાઈ વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પ્રો. પીએસઆઈ એ. આર. ચૌધરી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પ્રાંતિજ તાલુકા સરપંચ એસોસીએશનની રચના

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકાના સરપંચોની મીટીંગ યોજાઈ હતી જેમાં સર્વાનુમતે સરપંચ એસોસીએશનની રચના કરવામાં આવી હતી.

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયતના વિશાળ હોલમાં પ્રાંતિજ તાલુકામાં આવેલ સરપંચોની મીટીંગ યોજાઈ હતી. જેમાં મીટીંગ દરમ્યાન પ્રાંતિજ તાલુકાના સરપંચોના એસોસીએશનની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિત કારોબારી સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. જેમાં સરપંચ એસોસીયેશનના પ્રમુખ તરીકે ઝાલા રતુસિંહ ભૂપતસિંહ-લાની મુવાડીવાળા તથા ઉપપ્રમુખ તરીકે પટેલ અમૃતભાઈ રેવાભાઈ - વાધરોટા તથા બીજા ઉપપ્રમુખ તરીકે પટેલ કામીનીબેન મનોજભાઈ - સોનાસણ તથા મહામંત્રી પરમાર હિંમતસિંહ જીવસિંહ- મેમદપુર તથા મંત્રી તરીકે સોલંકી રમણભાઈ રેવનદાસ નિમણુંક કરવામાં આવી હતી.

ગણપત યુનિવર્સિટીના ૧૨મા પદવીદાન સમારોહનું ૨૪મીએ ભવ્ય આયોજન

આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ સાથેની યુનિ.ની 'વિક્રમ નેઈલ સ્પોર્ટસ એકેડેમી'નું પણ આ અવસરે ઉદ્ઘાટન થશે

ગણપતવિદ્યાનગર, તા. ૨૨

ગુજરાત રાજ્યની પ્રથમ પંક્તિની સુપ્રતિષ્ઠિત અને હાઈટેક તરીકે ખ્યાતિ પામેલી ગણપત યુનિવર્સિટીનો ૧૨મો પદવીદાન સમારંભ આગામી તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૧૮ અને સોમવારના રોજ ભવ્ય રીતે યોજાઈ રહ્યો છે. કોન્વેકેશનના આ શુભ અવસરની સાથે જ સંસ્થાની ઓલિમ્પિક કક્ષાની નવ નીર્મિત એવી ગણપત યુનિવર્સિટી 'વિક્રમ નેઈલ સ્પોર્ટસ એકેડેમી'નું ઉદ્ઘાટન થશે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ચિફ પેટ્રન તરીકે તો ઉપ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પેટ્રન તરીકે આ પદવીદાન સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેશે, તો ચિફ ગેસ્ટ તરીકે મારૂતિ સુઝુકીના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ કેનિમી આયુકાવા ખાસ હાજરી આપશે. અન્ય સન્માનનીય મહેમાનોમાં સ્પોર્ટસ, યુથ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલ વિશેષ મહેમાન તરીકે, સીપીએના મેનેજિંગ પાર્ટનર નવનીત ચુગ, ઈસીએ, ઓસ્ટ્રેલિયાના ચિફ એક્ઝિક્યુટિવ ઓફિસર રૂપેશ સિંઘ, દેલ્હીવરી પ્રા.લિ.ના સહસ્થાપક અને સીઈઓ ભાવેશ મંગલાણી, જ્હોનસન કંટ્રોલ્સ-હિટાચીના એરકન્ડિશનિંગ ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને એમ.ડી. ગુરમીત સિંઘ, ગણપત યુનિવર્સિટીના દાતા અધિષ્ઠાતા તેમજ પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ વિશેષ રીતે ઉપસ્થિત રહી પદવીદાન સમારંભને શોભાવશે.

ઉપરોક્ત સૌ મહેમાનોના વરદહસ્તે જ બપોરે સાડા ત્રણ વાગ્યે ગણપત યુનિવર્સિટી વિક્રમ નેઈલ સ્પોર્ટસ એકેડેમીનું ઉદ્ઘાટન સંપન્ન થયા બાદ ગણપત યુનિવર્સિટીના મોતી દાદા પટેલ ઓપન એર થિયેટર ખાતે ૪.૩૦ કલાકે પદવીદાન સમારંભ યોજાશે જેમાં ૨૫૩૮ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખાના પોતાના અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ પદવી એનાયત થશે.

તામિલનાડુના રાજયપાલ બનવારીલાલ પુરોહિતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૩

તમિલનાડુના રાજયપાલ બનવારીલાલ પુરોહિતે નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

જાગો ગ્રાહક જાગો

ગ્રાહક જાગૃતિ અભિયાન

જાગૃત ગ્રાહક, સુરક્ષિત ગ્રાહક
ગુજરાત રાજ્ય

"રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન"

૨૪મી ડિસેમ્બર-૨૦૧૮

"ગ્રાહક ફરિયાદનું સમયસર નિવારણ"

ગ્રાહકના અધિકારો

- ✓ સલામતીનો
- ✓ માહિતી મેળવવાનો
- ✓ પસંદગીનો
- ✓ ફરિયાદ કરવાનો
- ✓ વળતર મેળવવાનો
- ✓ શિક્ષણ મેળવવાનો

ગ્રાહકોની ફરજો

- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે
- બિલ-રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો
- એગમાર્ક, એફપીઓ અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો
- હોલમાર્કવાળા આભૂષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેક્ટર કચેરી) ના અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો

આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો

અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

અને કર્ણાટકના મુખ્યમંત્રી એચ.ડી.કુમારસ્વામી તેમ જ નાયબ મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસના નેતા જી.પરમેશ્વરના મે ૨૦૧૮માં યોજાયેલા શપથવિધિમાં વિપક્ષની ભવ્ય એકતાનાં દર્શન થયાં હતાં.મોટાભાગના ભાજપ અને મોદી વિરોધી વિપક્ષોના નેતાઓ એકમંચ પર આવ્યા હતા. એ પછી રાજસ્થાન,મધ્યપ્રદેશ અને છત્તીસગઢના કોંગ્રેસી મુખ્યમંત્રીઓના શપથવિધિમાં વિપક્ષી નેતાઓની હાજરી કરતાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રીમો મમતા બેનરજી, બહુજન સમાજ પાર્ટીનાં સુપ્રીમો માયાવતી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ કેમ ગેરહાજર રહ્યાં એની વિશેષ ચર્ચા થઈ. તૃણમૂલના સાંસદ દિનેશ ત્રિવેદીને મમતાએ સમારંભમાં પાઠવ્યા હતા. શપથવિધિના દિવસે જ વર્ષ ૧૯૮૪માં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા તેમનાજ બે શીખ સુરક્ષા કર્મચારીઓએ કરી એને પગલે દિલ્હીમાં શીખોની હત્યાના તાંડવ સંદર્ભના ખટલામાં કોંગ્રેસના સાંસદ રહેલા સજ્જન કુમારને દિલ્હીની વડી અદાલતે જનમટીપની સજા ફરમાવી એટલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ તો જયપુર એરપોર્ટથી પાછા ફરી ગયા હતા.તેઓ પક્ષ વતી સમારંભમાં હાજરી આપવા આવ્યા હતા પણ પક્ષે તેમણે પરત બોલાવી લીધા હતા.

ખેડૂતોનાં દેવાંમાફીનો તત્કાલ નિર્ણય

કોંગ્રેસની સરકાર બનવાના ૧૦ દિવસમાં ખેડૂતોનાં દેવાં માફ કરાશે, એવું વચન પક્ષના અધ્યક્ષ રાહુલે ચૂંટણીસભાઓમાં આપ્યું હતું. જોકે શપથ લેતાંની સાથે જ મધ્યપ્રદેશ અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓએ તો રાજ્યના ખેડૂતોનાં દેવાં માફ કરવાના વચનનું પાલન કરતા આદેશ બહાર પાડ્યા એટલું જ નહીં, રાજસ્થાનના નવા શાસકે પણ પહેલી જ કેબિનેટ બેઠકમાં આ નિર્ણય કરવાના હોવાની જાહેરાત કરી હતી. ભાજપની નેતાગીરી આજકાલ ખેડૂતોનાં દેવાં માફ કરવાની બાબતમાં પ્રબોધન કરે છે,પણ મે ૨૦૧૪ની ચૂંટણીના પ્રચારમાં વડાપ્રધાનપદના ઉમેદવાર મોદીએ આપેલાં અનેક વચનોમાં દેશભરના ખેડૂતોનાં દેવાં માફ કરવાનો નિર્ણય સરકાર બનતાંની સાથે જ પહેલી કેબિનેટ બેઠકમાં સર્વપ્રથમ લેવાશે, એવું જણાવ્યા છતાં સાડા ચાર વર્ષ પછી હજુ એ અગસ્ત્યના વાયદા જેવું જ રહ્યું છે. હવે ભાજપનું વાજું બદલાયું છે કે દેવાંમાફી એ ઈલાજ નથી,પણ ભાજપની જ ઉત્તર પ્રદેશ સરકારે પહેલાં ખેડૂતોનાં દેવાં માફ કરવાનો નિર્ણય પહેલી કેબિનેટમાં લઈને પાછળથી માત્ર ખેડૂતોની લોન પરના વ્યાજને માફ કરવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસની ત્રણ સરકારોએ આવતાંવેંત જ દેવાં માફી કરી એટલે આસામની ભાજપ સરકારે પણ ખેડૂતોનાં દેવાંમાફી જાહેર કરી દીધી.ગુજરાતની ભાજપ સરકારે આચાર સંહિતા અમલમાં હોવા છતાં જસદણની ચૂંટણીને ધ્યાને રાખીને ૬૦૦ કરોડ રૂપિયા કરતાં વધુ રકમની વિજ બિલની માફી જાહેર કરી છે.અગાઉ મહારાષ્ટ્રની ભાજપ સરકારે પણ ખેડૂતોનાં દેવાં માફ કર્યાં હતાં. ઓડિશામાં પણ ભાજપના પ્રદેશ પ્રમુખ પાંડાએ સત્તામાં આવીશું કે તૂર્તજ ખેડૂતોનાં દેવાં માફ કરવા ઉપરાંત ખેડૂતોને વગર વ્યાજની લોન આપવાની જાહેરાત કરી છે.

ઈ-મેઈલ : haridesai@gmail.com

ડિપોઝીટ વધી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીએ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સમય-મર્યાદામાં આ કામગીરી માટે બેંકો ગંભીર બને તેવી પણ ટકોર કરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના અંતર્ગત થયેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરાયો હતો પરંતુ ખાસ પેન્શન યોજના બાબતે બેંકોને સઘન પ્રયાસો કરવા માટે કહેવામાં આવ્યુ હતુ.

મુદ્રા યોજના અંતર્ગત ૮૧૫૩ ખાતા ખોલી અને ૮૦૪૨ લાખ રૂ. છુટા કરવામાં આવ્યા હોવાની વિગતો પણ આ બેઠકમાં રજુ થઈ હતી. સબસીડીની રકમો સમયસર જે તે લાભાર્થીની છુટી કરવામાં થતા વિલંબને નિવારવા માટેની ટકોર પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

સર્વિસ એરિયાના કેડીટ પ્લાનમાં પણ ચાલતી ધીમી કામગીરી અને ઉદાસીનતાને લઈ જિલ્લાતંત્ર દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. કૃષિક્ષેત્રના ધિરાણમાં પણ ૪૭ ટકા જેટલી કામગીરી અંગે પણ નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

બેંકોમાં વધતી જતી એન.પી.એ.ને લઈ પણ ચિંતાની લાગણી વ્યક્ત થઈ હતી. આ ઉપરાંત અપાયેલા ધિરાણોની સમયસર વસુલાત માટે પણ અલાયદુ મિકેનીકલ ડેવલપ કરી વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવુ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ. પ્રધાનમંત્રી આવાસ યોજનાના ધિરાણમાં પણ બેંકોને સકારાત્મક અભિગમ દાખવવા માટે કહેવામાં આવ્યુ હતુ.

આ બેઠકમાં બેંકો દ્વારા સમયસર તેમના ઈન્ડીકેટર પરનો અહેવાલ નહિ અપાતો હોવાને લઈ પણ નારાજગી વ્યક્ત કરાઈ હતી.

સમયસર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લોકસભાની ચૂંટણીના કાર્યમાં લાગી જવા અપીલ પણ કરી છે.

હાર્દિક પટેલના પ્રયાસો નિષ્ફળ ગયા

ગુજરાતના પાટીદાર અનામત આંદોલન સમિતિના પ્રણેતા હાર્દિક પટેલે કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે ખૂબ પ્રયાસ કર્યા હતા પરંતુ તેમને નિષ્ફળતા મળી છે. હાર્દિક પટેલે ૧૦ હજાર કરતાં વધુ લોકોની જાહેર સભા કરી હતી તે રૂપવતી ગામમાં ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાને ૩૦૦ મતોની લીડ મળી છે. બીજા પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ કમલાપુરમાં જાહેર સભા કરીને કોંગ્રેસને જીતાડવાની અપીલ કરી હતી તેમાં ભાજપના ઉમેદવારને ૭૦૦ મતની લીડ મળી છે. એટલે કે પાટીદાર નેતાઓ કોંગ્રેસને વિજેતા બનાવવામાં નિષ્ફળ ગયા છે.

સુનામી ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે સુનામી ત્રાટકતા હજારો મકાનો અને ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ હતી. સુંડા દ્વિપમાં સૌથી વધારે નુકસાન થયું હતું. ડિઝાસ્ટર એજન્સીના પ્રવક્તાનું કહેવું છે કે, હજારોની સંખ્યામાં લોકોને ઉંચાણવાળા વિસ્તારોમાં ખસેડવાની ફરજ પડી તી. સુનામી દરમિયાન ૧૫થી ૨૦ મીટર ઉંચી લહેરો ઉઠી હતી જેના લીધે આ નુકસાન થયું હતું. દ્વિપમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ વર્ષે સુલવેસુ દ્વિપમાં આવેલી ભૂકંપ અને સુનામીના લીધે ૮૦૦થી પણ વધુ લોકોના મોત થયા હતા.

ગુમાવ્યો 'અવસર' ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાવળીયાનો ૧૯૯૮૫ મતે જવલંત વિજય થયો છે. ચોંકાવનારી અને આઘાતજનક વાત તો એ હતી કે, કોંગ્રેસના અવસર નાકિયાને પોતાના ગામમાં પણ કુંવરજી કરતા ઓછા મત મળ્યા હતા. આસલપુરમાંથી નાકિયાને માત્ર ૫૧૪ જ્યારે બાવાળીયાને ૭૬૪ મત મળ્યા હતા. એટલું જ નહીં પીપરડીથી જિલ્લા પંચાયતના સદસ્ય હોવા છતાં અહીં નાકિયાને માત્ર ૬૬૪ તેમજ કુંવરજીને ૨૪૦૬ મત મળ્યા હતા.